# સાચું ધન

– આશાબહેન એ. શાહ

વિશાલ અને અભય બંને મિત્રો હતા. તેઓ એક જ ધોરણમાં ભણતા હતા. બંને સાથે સાથે સ્કૂલ જતા અને સાથે સાથે રમતા. કેટલાંય વર્ષોથી આમ ચાલતું હતું. બંને બાળકો ધીમે ધીમે મોટાં થતા જતાં હતાં. મોટા થવાની સાથે સાથે વિશાલમાં હવે અભિમાન આવતું જતું હતું. એક દિવસ તેણે અભયને કહ્યું ''તું તો ગરીબ છે.''

અભયે હેરાનગતિથી પૂછ્યું ''અમે ગરીબ કેવી રીતે છીએ?'' તેણે તો એમ જ સાંભળ્યું હતું કે જેની પાસે પેટ ભરીને ખાવા ન હોય અને પહેરવા માટે કપડાં ન હોય તે ગરીબ છે. વિશાલે કહ્યું ''તમારા ઘરમાં આ બધું ન હોય તે ગરીબ હોય છે ?''

વિશાલે અભિમાનથી કહ્યું ''ત્યારે શું ? મારી મમ્મી આમ જ કહેતી હતી.''

અભયનું મોં ઉદાસ થઈ ગયું. તે ઉદાસ થઈને ઘેર ગયો. આજે તેણે પહેલી વખત પોતાનું ઘર ધ્યાનથી જોયું. તેણે મનમાં જ વિચાર્યું કે વિશાલ બરાબર કહે છે. તેના ઘરમાં વિશાલના ઘરની જેમ કિંમતી સોફા, કિંમતી જાજમ અને મોંઘો સરસામાન નથી. ટેલિવિઝન, ફ્રીઝ અને કૂલરની તો વાત જ કયાં રહી ! તેની ઉદાસી વધી ગઈ. અભયને લાગ્યું બધા મિત્રોમાં તે જ ગરીબ છે.

હવે અભયને બીજા મિત્રો સાથે રમવાનું કે તેમને ઘેર જવાનું મન થતું ન હતું. તેને થતું કે વિશાલની જેમ તેઓ પણ ક્યાંક તેને ગરીબ ન કહેવા લાગે. તે પોતાની જાતને બીજાં બાળકો કરતાં નીચો સમજવા લાગ્યો.

અભયની માતા જોતી રહી કે અભય કેટલાક દિવસોથી ઉદાસ રહે છે. તે બીજા મિત્રો સાથે ખુલ્લા મનથી વાતો કરતો નથી. તેમની સાથે રમવા જતો નથી. તેણે વિચાર્યું બાળકો છે. ક્યાંક અંદર–અંદર ઝઘડયા હશે.

''શું વાત છે અભય ! શું તમારી કોઈની સાથે લડાઈ થઈ છે ?'' માએ પૂછ્યું.

''ના, મા'' અભયે જવાબ આપ્યો. ''તો પછી તું બીજા બાળકો સાથે કેમ રમતો નથી અને ચૂપચાપ બેસી રહે છે'' માએ પૂછ્યું.

અભયે કહ્યું, ''મા તેઓ પૈસાદાર છે. તેમના ત્યાં જતા મને શરમ આવે છે.''

''કેમ ? કોઈએ તેને કંઈ કહ્યું છે શું ? હમણાં સુધી તો તમે લોકો રોજ એકબીજાના ઘેર આવતા જતા હતા'' માએ કહ્યું.

''અત્યાર સુધી મારું એ તરફ ધ્યાન જ ગયું ન હતું. વિશાલ કહેતો હતો કે અમે ગરીબ છીએ કારણ કે અમારે ત્યાં તેઓની જેમ કિંમતી ચીજવસ્તુઓ નથી'' અભય ગુસ્સેથી બોલ્યો.

માને આ સાંભળી સારું ન લાગ્યું. બાળકના મનમાંથી આ નીચ ભાવના કાઢવી જ પડશે નહિતર તેનો વિકાસ રુંધાઈ જશે મનમાં જ તેણે વિચાર્યું.

તેણે પૂછ્યું ''સારું એક વાત કહો. શું સ્કૂલમાં તારી સાથે ભણનારા વિદ્યાર્થીઓ પણ એવું કહે છે ? શું અધ્યાપક પણ એવું કહે છે ? શું તેઓ પણ જેમના ઘરમાં કિંમતી ચીજ વસ્તુઓ છે એમનાં બાળકોને જ મહત્ત્વ આપે છે ? એમને જ પ્યાર કહે છે ?' અભયે કહ્યું, ''ના મા, એવું કંઈ નથી.''

''તો બેટા, આ વાતને તારા મનમાંથી બિલકુલ કાઢી નાંખ. જેના ઘરમાં કિંમતી વસ્તુઓ છે તે મોટો નથી. માણસ મોટો બને છે પોતાના ગુણોથી, સારા વ્યવહારથી. બહારની ચમકદમકવાળી વસ્તુઓ તો થોડા સમય માટે જ આકર્ષણ કરે છે.'' મા અભયને સમજાવતી હતી.

અભય ખૂબ જ ધ્યાનથી માતાની વાત સાંભળી રહ્યો હતો. માએ ફરી કહ્યું, ''અભય બેટા, ઈમાનદાર અને મહેનતથી કમાનારા જ સાચા અમીર છે. લાંચ લેવાવાળા, બીજાને હેરાન કરવાવાળા જ સૌથી વધુ ગરીબ હોય છે. મન લગાવીને ભણો. વ્યક્તિ સદ્ગુણોથી જ સાચું અને સ્થાયી માન મેળવે છે.''

માની વાત અભયને સમજાઈ ગઈ. તે ધ્યાનથી ભણવા લાગ્યો. વાર્ષિક પરીક્ષાનું પરિણામ



આવ્યું તો અભય પ્રથમ નંબરે પાસ થયો હતો. હેડમાસ્તરે તેની ખૂબ પ્રશંસા કરી અને ઈનામ આપ્યું. શિક્ષકો અને મિત્રોએ પણ તેની પ્રશંસા કરી. આ બધાની વચ્ચે અભયને માની વાત યાદ આવી કે સદ્‌ગુણોથી જ વ્યક્તિ સ્થાયી અને સાચું સન્માન પ્રાપ્ત કરે છે.

ધીમે–ધીમે સમય વીતતો ગયો. અભય હવે વિશાલની વાતો પર બિલકુલ ધ્યાન આપતો ન હતો. તે માતાને માન આપતો હતો અને તેની શિખામણ પ્રમાણે ચાલતો હતો. અભય દરેક વખતે દરેક ધોરણમાં પ્રથમ શ્રેણીમાં પાસ થતો હતો. રમત–ગમત, વાદ–વિવાદ, સાંસ્કૃતિક કાર્યક્રમ કોઈપણ ક્ષેત્ર એવું ન હતું જેમાં અભય આગળ ન હોય. તે પોતાની સ્કૂલના હોશિયાર વિદ્યાર્થીઓમાંનો એક હતો. મિત્રો તેનું સન્માન કરતા હતા અને શિક્ષકો તેને પ્રેમ કરતા હતા.

સ્કૂલનું ભણતર પૂરું કરીને અભય અને વિશાલ બંનેએ કોલેજમાં પ્રવેશ મેળવ્યો. અભયે પોતાની મહેનત, પ્રતિભા અને સદ્‌વર્તનથી ત્યાં પણ સન્માન મેળવ્યું અને દરેક ક્ષેત્રે તે આગળ રહ્યો. કોલેજમાં જઈને વિશાલ અમીર અને મોજશોખવાળા છોકરાઓની સંગતે ચઢ્યો. તેનામાં ઘણા બધા દુર્ગુણો આવી ગયા. પૈસાના અભિમાનને કારણે તે કોઈને કંઈ જ સમજતો નહતો. તેના પિતા મોટા વેપારી હતા. વિશાલની દરેક માંગ તે પૂરી કરતા હતા. છોકરો શું કરે છે તે જોવાની તેને નવરાશ જ ન હતી.

કેટલાંક વર્ષો ભણતર પૂરું કર્યા બાદ અભયને સારી નોકરી મળી. તે ઉન્નતિ કરતાં–કરતાં મોટો ઓફિસર બની ગયો. બીજી બાજુ વિશાલ એ જ વિચાર કરતો રહ્યો કે મારે વધારે ભણી–ગણીને શું કરવું છે ? મારે ક્યાં નોકરી કરવી છે ? મારી પાસે કોઈ ચીજની કમી જ કયાં છે. ?

દિવસો બદલાતાં વાર નથી લાગતી. વિશાલના પિતાજીને વેપારમાં ખૂબ મોટી ખોટ ગઈ. તેમણે વિશાલને સ્પષ્ટ કહી દીધું કે તે કોઈ કામકાજ શોધી લે. આ રીતે ઘેર બેસી રહેવાથી કંઈ જ લાભ નહીં થાય. નોકરી શોધતાં–શોધતાં એક વખત વિશાલ અભયને મળ્યો. અભયની ઓફિસમાં એક જગ્યા ખાલી હતી. વિશાલે અભયને પ્રાર્થના કરી કે તે તેને તે સ્થાન પર લઈ લે. અભયને વિશાલની એ વાતથી ખૂબ જ નવાઈ લાગી. તેણે કહ્યું, ‘‘ભાઈ આ તો નાનું પદ છે. પગાર પણ ખૂબ ઓછો મળશે. તું આ સ્થાન પર શા માટે નોકરી કરે ?

‘‘શું કરું, જેટલી મારામાં યોગ્યતા છે તેવું જ પદ મને મળશે.’’ એમ બોલતાં–બોલતાં વિશાલની આંખો ભીની બની ગઈ. થોડીવાર ચૂપ રહી તે બોલ્યો, ‘‘અભયભાઈ તમારી વાતોની હું હંમેશાં ઉપેક્ષા કર્યા કરતો હતો પરંતુ હવે તે મને વારે વારે યાદ આવે છે. તમે સાચું જ કહેતા હતા. પૈસાથી નહીં– સારા વિચારોથી, ગુણોથી અને યોગ્યતાથી માણસ ઉચ્ચ બને છે, આગળ વધે છે. એ જ

સાચી સંપતિ છે, ધન તો આજે છે કાલે નથી. તેના આધારે પોતાને મોટો સમજવો સૌથી મોટી ભૂલ છે.''

અભયે વિશાલને ખૂબ વાર સુધી સાંત્વના આપી અને અનેક રીતે સમજાવ્યો. વિશાલના ગયા પછી મોડે સુધી તેના મનમાં એક વાત સંભળાતી રહી. મારી માતાએ મને જે સંપત્તિ આપી તે કદાપિ નાશ પામી શકતી નથી. તેનું માથું મા પ્રતિ શ્રદ્ધાથી નીચું નમી ગયું જેણે તેને સાચી દિશા બતાવી હતી.

■